# ચિલોડા પાસે નકલી નોટો સાથે ચારની ધરપકડ : એટીએસનું સફળ ઓપરેશન

ગાંધીનગર, તા.૭

રાજ્યમાં અવાર નવાર નકલી નોટોનો હેરાફેરીનો પર્દાફાશ થતો હોય છે, ત્યારે મંગળવારે ગુજરાત એટીએસે એક સફળ ઓપરેશન પાર પાડ્યું હતું. આ ઓપરેશન ગાંધીનગરમાં પડાયું છે. સૂત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે કે ઝડપાયેલા આરોપીઓ પાસેથી નકલી નોટો સાથે પાકિસ્તાની ચલણી નોટો પણ ઝડપાઈ છે. આ ઘટનામાં ગુજરાત એટીએસે ચિલોડા સર્કલ પાસેથી ૪ આરોપીઓની ધરપકડ પણ કરી છે. ગુજરાત એટીએસ છેલ્લા પાંચ વર્ષથી વિવિધ ઓર્ગેનાઈઝડ ગેંગ મુદ્દે સક્રિય બની છે. ત્યારે આવું જ એક મોટું ઓપરેશન્સ મંગળવારે ગાંધીનગરના ચિલોડા પાસે હાથ ધર્યું હતું.

જેમાં ચાર વ્યક્તિઓને બનાવટી ભારતીય ચલણી નોટોની સાથે પાકિસ્તાની ચલણી નોટો સાથે ઝડપી પાડ્યા છે. પરંતુ ગુજરાત એટીએસએ ચિલોડા સર્કલ પાસેથી ચાર વ્યક્તિઓની ટુકડીને બનાવટી ચલણી નોટો સાથે કરેલી અટકાયતે કેન્દ્ર સરકારના દાવાઓને છેડ ઉડાડી દીધો છે. એટીએસએ પકડેલી આ બનાવટી ચલણી નોટો અસલને પણ ટક્કર મારે તેવી દેખાય છે. માત્ર બનાવટની જ નહીં પણ તેમની પાસે પાકિસ્તાનની નકલી ચલણી નોટો પણ તેમની પાસેથી મળી આવી છે. મોડીરાત્ર સુધી આ ઓપરેશન ચાલું હોવાનેકારણે ઓપરેશનમાં સામેલ એટીએસના અધિકારીઓએ ઓપરેશનની ગુપ્તતા જાળવવા પોતાની સત્તાવાર મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરી નાંખ્યા હતા.

સંભાવના એવી છે કે આજે બુધવારે એટીએસ આ અંગે સત્તાવાર જાહેરાત કરશે. નોટબંધી પછી સરકારનો દાવો હતો કે નવી ચલણી નોટોની નકલ શક્ય નથી, જેના કારણે ભારતીય અર્થતંત્રને ખોરવી નાખવા માટે પાકિસ્તાન સહિતના પાડોશી રાષ્ટ્રમાં જ્યાં ભારતીય બનાવટની નકલી નોટોનું ઉત્પાદન થઈ રહ્યું છે તેના પર બ્રેક લાગશે.

## ખૂણેખાંચરેથી

- મનપાની સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાને કોરોનાની સારવાર માટે એપોલો હોસ્પિટલમાં દાખલ કરાયા છે.
- આજે બીઆરસી ભવન સે. ૧૨ ખાતે રક્તદાન કેમ્પનું આયોજન જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા કરવામાં આવ્યુ છે.
- ગાંધીનગર શહેરમાં મચ્છરોની ડેન્સીટીમાં વધારો થયાની ફરિયાદો ઉઠી છે.
- રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં આજે કૌશિકભાઈ પટેલ સામાજિક કારણોસર હાજર રહ્યા ન હતા.
- જિલ્લાકક્ષાના ડીજીટલ સેવાસેતુના ઈ.લોંચિંગ માટે ઈસનપુર મોટા ખાતે બાળ આયોગના અધ્યક્ષા જાગૃતિબેન પંડ્યા હાજર રહેનાર છે. આ ઉપરાંત જિલ્લાના પ્રભારી મંત્રી અને મહેસુલ મંત્રી કૌશિક પટેલ વિશેષ ઉપસ્થિત રહેશે.
- રાજ્યના આરોગ્યતંત્ર દ્વારા આજથી ઈ. સંજીવની આરોગ્ય સેવાનું ઈ.લોંચિંગ કરવામાં આવનાર છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



મને તો એમ કે એ સોશિયલ ડિસ્ટંસનું કુડાળું છે... પણ નીકળુ ગટરનું ઢાંકણ... તેમા...

## ચિલોડા વિસ્તારમાં ભાજપ દ્વારા કૃષિબીલની જાણકારી માટે ખાટલા બેઠકો

કેન્દ્ર સરકારે દેશના ખેડૂતોના હિતમાં કૃષિબીલ રજૂ કર્યુ છે ત્યારે બહુમતીથી બીલો પસાર કરીને ખેડૂતોની આવક વધે તેવા પગલારૂપે કાયદાઓના અમલીકરણ કરવાના પગલાં લઈ લીધા છે. ખેડૂતોને બજાર તથા ખરીદનાર વચ્ચેના વચેટિયાના કમિશન દૂર થતાં સ્થાપિત હિતો દ્વારા બિલો વિશે વિરોધ પ્રદર્શન કરવામાં આવે છે. પરિણામ સ્વરૂપે ગાંધીનગર જિલ્લા તાલુકા તથા મહાનગર ભાજપ દ્વારા ગામો ગામ ખેડૂતોને સાચી હકીકત સમજ આપવા ખાટલા બેઠકો કરવાનું આયોજન હાથ ધરાયુ છે. આ કાર્યક્રમ અંતર્ગત ચિલોડા ડભોડા-છાલા-સાદરા ગામે અમદાવાદ પૂર્વના સાંસદ એચ.એસ. પટેલ, ધારાસભ્ય શંભુજી ઠાકોર, પ્રદેશ કિસાન મોરચાના મંત્રી-પ્રવક્તા હિતેન્દ્રભાઈ પટેલ, તાલુકા ભાજપ પ્રમુખ જશુભાઈ પટેલ, મંત્રી રવજી ઠાકોર, ડભોડાના સરપંચ હાલુસિંહ સોલંકી, લલિતસિંહ ઠાકોર, એસ.પી. ઠાકોર, નાથુભાઈ ચૌધરી, લાલભાઈ ચૌધરી, વિનોદ ઉદેચા, ગૌરાંગ વ્યાસ, મફતભાઈ દેસાઈ, ભરતભાઈ પટેલ, ગોવિંદજી ઠાકોર વગેરે મહાનુભાવો દ્વારા ખેડૂતના હિતમાં પસાર થયેલા બીલથી થતા ખેડૂતોને ફાયદા અંગે સરકારી યોજનાના લાભાલાભ વિશે ચર્ચા કરવામાં આવી હતી.



આ વર્ષે વરસાદ ખૂબ પડયો જેના કારણે સેકટરોમાં ઠેર ઠેર જંગલી વનસ્પતિ ઉગી નીકળી છે. વનસ્પતિ અને ઝાડી ઝાંખરા કાઢવાની કામગીરી મનપાએ હાથ ધરી છે. સેકટર-૫ અને સેકટર-૬માં ખુલ્લા વિસ્તારમાં ખૂબ ઝાડી ઝાંખરા ઉગી નીકળતા કોર્પોરેટર રાકેશ પટેલે ટ્રેકટર જેવા સાધનો વડે સાફસફાઈ કરાવી છે.

# અમિત ચાવડા સહિત અનેક કાર્યકરોની ધરપકડ

અમદાવાદ, તા. ૭

ઉત્તર પ્રદેશના હાથરસની ઘટનાના પડઘા આખા દેશમાં જોવા મળી રહ્યા છે. વિપક્ષ આ મુદ્દે વિરોધ કરી રહ્યું છે. ગુજરાત કોંગ્રેસ દ્વારા આ ઘટનાના વિરોધમાં કોચરબ આશ્રમથી ગાંધી આશ્રમ સુધી પ્રતિકાર રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીને પોલીસ દ્વારા પરમિશન આપવામાં આવી નથી. તેમ છતા રેલીનું આયોજન થતું હોવાથી પોલીસે કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ હાર્દિક પટેલની અટકાયત કરી લીધી હોવાનું સામે આવ્યું છે.

ગુજરાત કોંગ્રેસ દ્વારા કોચરબ આશ્રમથી ગાંધી આશ્રમ સુધી રેલી યોજવા માટે પરમિશન માંગી હતી પરંતુ પોલીસ દ્વારા હાલની કોરોના સ્થિતિને ધ્યાનમાં રાખીને પરવાનગી આપી નથી. તેમ છતાં જાહેરાત મુજબ આજે સવારથી જ કોંગ્રેસ ભવન ખાતે મોટી સંખ્યામાં કાર્યકરો એકઠા થઈ થયા હતા. રેલીમાં ભાગ લેવા માટે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, ધારાસભ્ય શૈલેશ પરમાર પણ પહોંચ્યા હતા.

એકઠા થયેલા કોંગ્રેસી કાર્યકરોની ભારે ભીડને કારણે સોશિયલ ડિન્ટન્સિંગના નિયમોનું ઉલ્લંઘન થતા પોલીસે ગુજરાત પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, ધારાસભ્ય શૈલેષ પરમાર સહિત ૫૦થી વધારે કોંગ્રેસ કાર્યકર્તાઓની અટકાયત કરવામાં આવી છે. આ સાથે જ આ રેલીમાં જોડાવા જઈ રહેલા હાર્દિક પટેલની પોલીસે તેમના નિવાસ સ્થાનેથી જ અટકાયત કરી હોવાનું સામે આવ્યું છે.



જુનિયર સિટિઝન કાઉન્સિલને મેડીપલ્સ ફિઝિયોથેરાપી ઈન્સ્ટ્રુમેન્ટના સંચાલક વિજયભાઈ ગઢવી તરફથી સ્ટેચરનું દાન અપાયું છે. જાણીતા ફિઝિયોથેરાપીસ્ટ હાર્દિક તલાટીના હસ્તે દાન અપાયું છે.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**

# ડાંગર, મકાઈ, બાજરી, મગ, સહિતની ખરીદી કરાશે : આર.સી. ફળદુ

## ડાંગર, મકાઇ અને બાજરીની ૧૬મી ઓક્ટોબરથી તથા મગ, અડદ, સોયાબીનની ખરીદી બીજી નવેમ્બરથી થશે

ગાંધીનગર,તા.૭

ટેકાના ભાવે ખેતી પાકોની ખરીદીના ભાવોમાં પણ ઉતરોતર વધારો કરીને ખરીદી પ્રક્રિયા શરૂ કરાઈ છે. રાજ્યમાં મગફળી ઉપરાંત ડાંગર, મકાઈ, બાજરી, મગ, અડદ અને સોયાબીનની પણ ટેકાના ભાવે ખરીદી કરાશે તેમ કૃષિમંત્રી આરસી ફળદુએ જણાવ્યું હતું. આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષે મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં આ ખેતપેદાશોની ટેકાના ભાવે ખરીદી કરવા અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરાયા બાદ લેવાયેલા નિર્ણયની વિગતો આપતા મંત્રી ફળદુએ ઉમેર્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા તમામ રાજ્યોમાં ખેડૂતોની ખેત પેદાશોની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે છે. જે મુજબ ખરીફ પાકોમાં મગફળીની ખરીદી માટે ૧૩,૬૬,૦૦૦ મેટ્રિક ટન ખરીદવા માટે દરખાસ્ત કરાઈ હતી. રાજ્યમાં ડાંગરની ટેકાના ભાવે ખરીદી પ્રતિ ક્વિન્ટલ ૧૮૬૮/-ના ભાવે, મકાઈ ૧૮૫૦/ના ભાવે, બાજરી ૨૧૫૦/ના ભાવે, મગ ૭૧૯૬/ના ભાવે, અડદ ૬,૦૦૦/ અને સોયાબીનની ૩૮૮૦/ પ્રતિ ક્વિન્ટલના ભાવે ખરીદી કરવામાં આવશે. આગામી દિવસોમાં આ ખરીદી માટે નાફેડના સંકલનમાં રહીને ગુજરાત અન્ન નાગરિક પુરવઠા નિગમ દ્વારા સંપૂર્ણ કાર્યક્રમ ઘડી કાઢીને ખરીદી પ્રક્રિયા હાથ ધરાશે. તેમણે ઉમેર્યું કે, ચાલુ વર્ષે રાજ્યમાં વરસાદના કારણે જે ખેડૂતોને નુકસાન થયું છે એ માટે મુખ્યમંત્રી દ્વારા ૩૭૦૦/ કરોડનું આર્થિક પેકેજની જાહેરાત કરી છે અને સહાય ચૂકવવાનું શરૂ કરી દેવાયું છે. અન્ન નાગરિક પુરવઠા મંત્રી જયેશ રાદડિયાએ ડાંગર, મકાઈ, બાજરી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી માટેના કાર્યક્રમની વિગતો આપતા કહ્યું કે, રાજ્યમાં ડાંગર માટે ૯૨ ખરીદ કેન્દ્રો, મકાઈ માટે ૬૧ કેન્દ્ર, બાજરી માટે ૫૭ કેન્દ્ર, મગ માટે ૭૧ કેન્દ્ર, અડદ માટે ૮૦ કેન્દ્ર અને સોયાબીન માટે ૬૦ કેન્દ્ર કાર્યરત કરીને ખરીદી પ્રક્રિયા હાથ ધરાશે. રાદડિયાએ ઉમેર્યું કે ડાંગર, મકાઈ અને બાજરી માટે ઓનલાઈન નોંધણી પ્રક્રિયા તારીખ ૧લી ઓક્ટોબર ૨૦૨૦થી શરૂ કરી દેવામાં આવી છે. જે તા. ૨૯મી ઓક્ટોબર-૨૦૨૦ સુધી ચાલશે.




